

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ચીન અને નાપાક ગુપ્ત રીતે કંઈક રાંધે છે!*
*રસ્તા-પુલ-ભંડકીયાં સંપને સુલેહથી બાંધે છે!*
*કાંધે કાંધ દઈ લાભ લેશે બિમારી અશક્તિનો -*
*વાંધે છે ભારત, તૂટે તેર, માંડ એક સાંધે છે!*

હાઈકુ

*નિર્દયી પ્રજા*
*ભૂખ્યા વાઘ-દીપડા*
*કરે કારસો...*

*સ્વાર્થી ચીનની*
*નાપાક મહેચ્છાનો*
*બને છે હાથો*
*(અનાથ પાકિસ્તાનનો સાથ)*

### ચિંતન

*નેગણાસ્થગ્રતો ગચ્છત્સિધ્ધે કાર્યં સમં ફલં ।*
*યદિ કાર્ય વિપત્તિ: સ્થાનમુખરસ્તત્ર હન્યતે ॥*

ઉપરોક્ત શ્લોક નીતિશાસ્ત્રમાંથી લેવામાં આવેલ છે.

કોઈ પણ કામ, ઝુંબેશ, લડત, અભિયાન જેવા કામોંમાં જ્યારે ટોળાબંધ લોકો ભેગા થઈ સમૂહમાં કામ કરતા હોય ત્યારે એમાં એક અગ્રેસર નેતા થઈ કામની જવાબદારી ઉપાડી ન લેવી. કારણ કે જો એ લડત ઝુંબેશમાં સફળતા મળે તો યશ બધાને સમાન મળે છે. પરંતુ જો આપત્તિ મુશ્કેલી - દંડ - સજા થાય તો 'નેતૃત્વ' લેનારને જ થાય છે. ટોળાંનાં જનમાનસને અક્કલ નથી હોતી. તોફાને ચઢે તો કાયદો-શિસ્ત, સારા-ખરાબનો વિવેક કંઈ જોવામાં આવતું નથી. આવું ટોળાનું કોઈ દિ' નેતૃત્વ લેવું નહી. અહીં બે કારણો આપ્યા છે. એક ધારો કે અન્ના હજારે જેવા સાચા નેતૃત્વને કારણે 'ટોળું' એકત્ર થઈ જાય તો સફળતા પણ કદાચ મળે પણ એનો યશ, એકત્ર થયેલ મેદનીને જાય છે. એક એક નેતાને નહીં પણ 'ટીમ'ને યશ મળે છે.

બીજું, આવું ટોળું જો તોફાને ચઢે તો પથ્થરબાજી શરુ થાય, નાસભાગ થાય ત્યારે હાલત બાબા રામદેવ જેવી થાય અને બૈરાંનાં કપડાં પહેરીને ભાગવું પડે અને બદનામી મળે તે નફામાં. જેના પર આપણું નિયંત્રણ ન હોય એવા જૂથ-ટોળાના અગ્રેસર થવું નહીં. સફળ થવાય તે યશના ભાગીદાર અનેક થાય અને સજા મળે તો કોઈ સાથ ન આપે.

### સુવિચાર

- સુંદર ફુલનો છોડ ધીમે ધીમે વિકસે છે પરંતુ ઘાસ ઝડપથી નીકળે છે - **શેક્સપિયર**
- દિવસે સૂર્ય જે કામ કર્યું, તે એક નાનકડું કોડિયું રાત્રે પોતાની પૂરી શક્તિથી કરે છે - **ટાગોર**
- મર્યાદા જાતે નક્કી કરવામાં આવે તો જ એ મર્યાદા કહેવાય...
  પણ જો બીજા નક્કી કરે તો પછી 'શરમ' કહેવાય - **એસ. ભટ્ટાચાર્ય**
- એક ગુલાબ આપવાથી જો પ્રેમ સાબિત થઈ જતો હોય,
  તો જગતમાં મીરાએ ઝેરના કટોરા ના પીધા હોત - **જીવનપાથેય**
- સાચી મૂડી તો સંબંધો છે,
  બાકી મહેલોની એકલતામાં તો કેટલાય ધૂરંધરો રોવે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ચલિએ, અંધકાર સે પ્રકાશ કી ઓર બઢેં, ચલિએ મૃત્યુ સે દેવત્વની કો ઓર બઢેં,
  ચલિએ હમ આગે બઢેં - **કૈલાશ સત્યાર્થી**
- આજનું ઔષધ : મૂળાના પાન અને સૂરોખાર વાટીને પેસ્ટ પેઢા પર બાંધવાથી છૂટથી પેશાબ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અતિ ધર્મ પ્રિય રાજાએ આદેશ આપ્યો કે રાજમહેલની સામે આવેલા સભાગૃહમાં શનિ-રવિ ધર્મસભા યોજાશે. એ સાંજના સમયે નગરના સૌ એ કથા-વાર્તા સાંભળવા ઉપસ્થિત રહેવું. કથા વાર્તા ચુકાઈ જાય તો આરતી વંદના સમયે તો અવશ્ય હાજર રહેવું. થોડા સમય બાદ સમાચાર મળ્યા કે કથા-વાર્તા કે આરતી સમયે અમુક યુવાનો એમાં હાજર રહેતા નથી અને તેઓ ક્યાંક અન્યત્ર સ્થળે જતાં હોય છે. રાજાએ સેનાપતિને ઊંડી તપાસ કરવાનું કહ્યું. તપાસ માટે સેનાપતિ ખુદ ગુપ્તવેશે નીકળ્યા તો માલુ પડ્યું કે એક આશ્રમમાં આ યુવકો ત્યાં રહેતા વૃદ્ધોની સેવા કરી રહ્યા હતા. કોઈ રસોઈ બનાવતું હતું, કોઈ ઔષધ પીવડાવતું હતું. તો કોઈ વૃદ્ધને સ્નાન કરાવી રહ્યું હતું. સેનાપતિ સમજી ગયા કે આ એ જ યુવકો છે કે જે શનિ-રવિ કથાવાર્તામાં જવાને બદલે આ આશ્રમમાં આવે છે અને વૃદ્ધજનોની સેવા સુશ્રુષા કરે છે. સેનાપતિએ રાજાને અહેવાલ આપ્યા. અને રાજા ખુદ ગુપ્તવેશે આશ્રમમાં તપાસાર્થે આવ્યા. રાજાને તો કલ્પના જ નહોતી કે એમના ધર્મનિષ્ઠ રાજયમાં આવા બેસહારા વૃદ્ધો વસે છે!! એમને સમજાયું કે માત્ર ધર્મનો પ્રચાર - પ્રસાર કરવો કે કથા વાર્તા કરવા - સાંભળવા, એ જ ધર્મ-કર્મ નથી. વૃદ્ધ ગરીબ અને દીન-હીન લોકોની સહાય કરવી. એ સૌથી મોટો ધર્મ છે. રાજાએ પાછા ફરીને તરત જ આ આશ્રમના વૃદ્ધો માટે જરૂરી સહાય-સામગ્રી મોકલવાનો આદેશ આપ્યો અને ધર્મસભાના પ્રવચન પછી સેવાકાર્યો કરવાનો હુકમ કર્યો.

# રસીકરણમાં કોંગ્રેસે ભાંગરો વાટ્યો

**તંત્રીસ્થાનેથી...**

આદિમાનવને હિંસાનો છોછ નહોતો. અન્ય હિંસક વન્ય પ્રાણીઓની જેમ એ પણ શિકાર કરીને ગુજરાન ચલાવતો હતો. જેમ જેમ એની સંવેદનશીલતા વિકસતી ગઈ અને ખેતી-પશુપાલન સહિતની કળા હસ્તગત થતી ગઈ તેમ એની હિંસાવૃત્તિ બદલાતી ગઈ. જો કે 'સંપૂર્ણ અહિંસા આ જગતમાં શક્ય જ નથી' એવું સ્વામી સચ્ચિદાનંદનું વિધાન સો ટકા સાચું છે. હમણાં કોંગ્રેસના કોઈ આગેવાને કોરોના માટેની કો-વેક્સીનમાં નવજાત વાછરડાનું સીરમ વપરાય છે એવી માહિતીના આધારે ઊહાપોહ મચાવ્યો છે. સરકારનાં અધિકૃત પ્રતિષ્ઠાનોએ આ માહિતી આપી હોવાનું જણાવાયું છે. પછી વધારામાં એવી ચોખવટ કરાઈ છે કે પોલિયો, ફલુ કે હડકવા સહિતની રસીઓમાં વાછરડાંનું સીરમ જ વપરાતું રહ્યું છે અને એ રસીઓ આખી દુનિયા લેતી રહી છે. કોવેક્સિનમાં છેલ્લે વાછરડાનું સીરમ રહેતું નથી, એ તો શરૂઆતમાં 'વેરો' સેલ્સની ગ્રોથ માટે જ વપરાય છે. પછીના તબક્કે ધોઈધપાડીને 'શુદ્ધ' વેક્સીન તૈયાર કરાય છે. સરકારની આ દલીલ હાસ્યાસ્પદ છે પણ હિંદુ-જૈન જનમાનસને સંતોષવા એ કર્યા વગર છૂટકો નહોતો. શરૂઆત કે અંત-આખરે વાછરડું માર્યા વગર તો વેક્સીન તૈયાર થઈ જ ન શકી હોત. આટલો વૈજ્ઞાનિક ખુલાસો જીરવવા ભાજપની 'વૈષ્ણવ વોટબેંક' તૈયાર નહીં જ થાય એવી દહેશતને લીધે સરકારને લાળા ચાવવા પડ્યા છે. કોંગ્રેસે આ મુદ્દો ઉછાળીને કોઈ મીર માર્યો નથી કે નથી આ મુદ્દો એના માટે ચૂંટણીભાથાનું તીર બની શકવાનો. વિજ્ઞાન એ વિજ્ઞાન છે અને એ માનવજીવન માટે આખી જીવસૃષ્ટિનો ઉચિત કે અનુચિત ઉપયોગ કરતું રહ્યું છે. બાયોલોજીના વિદ્યાર્થીઓ દેડકાં અને વંદાથી લઈ સસલાં ચીરીને 'શાસ્ત્ર' શીખે છે. જીવતાં ગિની પીગ અને વાંદરાથી લઈ મનુષ્યના પૂર્વજ ગણાતા ચિમ્પાન્ઝી પર વિવિધ દવાઓનાં પ્રાથમિક પરીક્ષણ કરાય છે અને એનો કેટલો ડોઝ 'લીથલ' અર્થાત્ જીવલેણ નીવડશે તે નક્કી કરાય છે. જેમને આવી હિંસાનો છોછ હોય એમણે દવા લેવી જ ન જોઈએ. શ્રીમદ્ રાજચંદ્રને ટીબી થયો હતો. સ્ટ્રેપ્ટોમાઈસીન ઈંજેકશન લેવાની એમણે ઘસીને ના પાડી દીધી હતી. ટીબીનાં બેકટેરિયાને મારી નાખીને તેઓ પોતે જીવવા નહોતા માગતા. આ અંતિમવાદી વલણ છે અને તે કોઈ રાજચંદ્ર કે ગાંધી જેવા અહિંસાપુરુષો જ અમલમાં મૂકી શકે. 'સત્યના પ્રયોગો'માં પુત્ર મણિલાલને માંસનો સેરવો આપવાની દાકતરી સલાહ ગાંધીજીએ અવગણેલી એનું રસપ્રદ વર્ણન છે. પુત્રની જિંદગીને જોખમમાં મૂકીને પણ તેઓ અહિંસાના સિદ્ધાંતને વળગી રહ્યા હતા. જો કે એ જ ગાંધીજી સાબરમતી આશ્રમ ખાતે મળવા આવેલા સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન અને એમના પુત્રોને એમની પરંપરા મુજબનું સામિષ ભોજન અપાવવા ભલામણ કરી શક્યા હતા. એ જુદી વાત છે કે મહેમાનોએ આશ્રમના સાદા શાકાહારી ભોજનથી સંતોષ માની લીધો હતો. કોંગ્રેસે આવા ક્ષુલ્લક મુદ્દા ઉપસ્થિત કરી રસીકરણના આવશ્યક કાર્યક્રમમાં અવરોધ જ ઊભો કર્યો ગણાશે. ખુદ ગાંધી પરિવારે કોવેક્સીન લીધી છે અને શુદ્ધ શાકાહારી વડાપ્રધાનને પણ કોવેકસીન લીધી છે. એથી એ અભડાઈ ગયા નથી. આખી દુનિયામાં પ્રાણીઓની બેરહેમ કતલ થતી રહે છે. ભારત શરૂથી જ મોટા પાયે માંસની નિકાસ દ્વારા માતબર હૂંડિયામણ કમાય છે. શંકરાચાર્ય મોદી સરકાર સામે ગોવધબંધીનો રાષ્ટ્રીય કાયદો નહીં બનાવવા બદલ ખફા છે. ગોવધબંધી અમુક રાજયોએ અપનાવી છે. પૂર્વોત્તર અને બંગાળ કે કાશ્મીર અને કેરળ જેવા રાજયોમાં એ શક્ય નથી. પ્રજા ગૌમાંસ ખાવા ટેવાયેલી છે. લક્ષદ્વીપમાં ગોવધબંધી ફરમાવનાર વહીવટદાર પ્રફુલ્લ પટેલ સામે પ્રજામાં વ્યાપક રોષ ફાટી નીકળ્યો છે. ભારતીય જનતા પાર્ટી માટે ગોવધબંધીનો મુદ્દો મતપેટીઓ છલકાવવા પૂરતો જરૂરી છે એટલે એ ચૂંટણી ટાણે અને છાશવારે એનો ખરોખોટો ઊહાપોહ મચાવે છે. ગોવધબંધીના સૌથી પ્રખર આગ્રહી મહાત્મા ગાંધી પણ મુસલમાનો સ્વેચ્છાએ ગોવધબંધી અપનાવે એમ ઈચ્છતા હતા. કાયદાથી એ અમલી બનાવવા માટે પ્રજાના તમામ વર્ગોનું સમર્થન જરૂરી છે. ગોવધ અટકાવીને અન્ય પ્રાણીઓને કાપ્યે જ રાખવાં એ પણ કેવી વિડંબના છે! કોંગ્રેસે આ મુદ્દે મૌન રહી હિંદુત્વવાદીઓને મતપેટીઓ ભરી આપી છે પણ હવે એ બધા પણ મૌન થઈ ગયા છે. શંકરાચાર્યથી લઈ તમામ હિંદુ-જૈન ધર્માચાર્યોના સમર્થક હોવા છતાં કહેવાતા 'હિંદુ રાષ્ટ્ર'માં સંપૂર્ણ ગોવધબંધીનો અમલ થઈ શક્યો નથી તે કડવી હકીકત છે!

# આવો ત્વરાથી, મમ હાથ ઝાલો!

**અમર વારસો**
**ડો. રશ્મિકાન્ત મહેતા**



નામ તો હતું એનું રુક્મિણી. બોલતા ન ફાવે, એલટે રુક્ષમણી થઈ ગયું! વિદર્ભપ્રદેશની પાટનગરી કુંડિનપુર. અહીં રાજા ભીષ્મકસે અને રાણી શુદ્ધમતિને ત્યાં માગશર વદ આઠમને દિવસે એનો જન્મ થયો હતો. એને પાંચ ભાઈઓ - રુકમી, રુક્મરથ, રુકમબાહુ, રુકમકેશ અને રુકમાલી. મોટોભાઈ રુમકી માથાભરે અને જડ હતો.

રુક્મિણી સાહિત્ય, સંગીત અને નૃત્યમાં નિપુર્ણ. જ્ઞાનવિજ્ઞાનમાં વિદૂષી. ભીષ્મકનો મહેલ એટલે અલખનો ઓટલો. મહેમાનોની આવન-જાવન ચાલુ જ હોય. જે કોઈ આવે. એ દ્વારિકાના શ્રીકૃષ્ણના વખાણ કરે. એણે મનોમન નિર્ણય કરી નાખ્યો. 'શ્રીકૃષ્ણને જ પરણશે.' પોતે આ નિર્ણય પિતાને પણ જણાવી દીધો.

પરંતુ રુકમીએ શ્રીકૃષ્ણ સાથે શત્રુતા. એનો મિત્ર હતો ચેદીરાજ શિશુપાલ. રુકમીએ એની સાથે સગાઈ કરી નાખી. શિશુપાલ રુક્મિણીનાં લગ્નની તિથિ નક્કી કરી. કોઈ એને અટકાવી ન શકે.

બે દિવસ પછી લગ્ન હતા. રુક્મિણીએ પોતાના વિશ્વાસુ બ્રાહ્મણ સુદેવને બોલાવ્યો. પરંપરા એવી, કે લગ્નપત્રિકા લઈને બ્રાહ્મણ જાય. એણે સુદેવને વાત કરી, અને પત્ર આપ્યો. એમાં સાત શ્લોક હતા. એને કહ્યું, 'તું ચૂપચાપ તાત્કાલિક દ્વારિકા જા, શ્રીકૃષ્ણને આ પત્ર આપી આવ.'

સુદેવ દ્વારિકા આવ્યો. શ્રીકૃષ્ણને પત્ર આપ્યો. પોતાના તરફથી પણ રુક્મિણીની પ્રશંસા કરી અને પ્રસ્તાવ મૂક્યો. પરિસ્થિતિની જાણ કરી. શ્રીકૃષ્ણ પાસે પણ રુક્મિણીની પ્રશંસા હતી. એને પોતાને પણ ઈચ્છા હતી.

એણે પત્ર વાંચ્યો - 'હે ભુવનમનોહર શ્રીકૃષ્ણ! મેં તમને મનોમન પતિ રુપે સ્વીકારી લીધા છે. આ પતિવ્રતાનું રક્ષણ તમારે કરવાનું છે. પરમ દિવસે મારા શિશુપાલ સાથે લગ્ન છે. પરંતુ હું તમારો સિંહનો ભાગ છું. એ શિયાળ શિશુપાલ પડાવી ન લે. તમે તાત્કાલિક આવો અને મારો હાથ ગ્રહણ કરી લો. રાજ કન્યા પોતાની ઈચ્છાથી વર પસંદ કરે અને રાજકુમાર એનું અપહરણ કરી લે, આ માન્ય રાક્ષસવિવાદ છે. કુટુંબની પરંપરા મુજબ - કાલે કુળદેવી પાર્વતીના મંદિરે નગર બહાર જવાનું છે; ત્યાં આવી જશો.'

શ્રીકૃષ્ણે સંમતિ આપી. સુદેવે પાછા ફરીને રુક્મિણીને માહિતી આપી દીધી. હવે એ નિશ્ચિત થઈ ગઈ.

શ્રી કૃષ્ણે સારથિ દારુકને તૈયાર કર્યો. તરત જ કુંડિનપુર જવા રવાના થયા. બલરામને ખબર પડી. એ પણ સાથે થઈ ગયા.

બીજે દિવસે રુક્મિણી પાર્વતીને મંદિરે આવી. દર્શન કર્યા. નીચે પગથિયાં ઊતરતી હતી. શ્રીકૃષ્ણે હાથ લંબાવ્યો. રુક્મિણીએ હાથ પકડી લીધો. રથમાં બેસી ગઈ. શ્રીકૃષ્ણે રથ પૂરપાટ દોડાવ્યો.



શિશુપાલ-જરાસંઘ પાછળ પડ્યા, એમને બળરામે અટકાવી રાખ્યા. રુક્મિ શ્રીકૃષ્ણ પાસે પહોંચી ગયો. લડવા લાગ્યો. રુક્મિણીએ વિનંતી કરી - 'મારો ભાઈ છે. મારી ન નાખતા.' શ્રીકૃષ્ણે એના દાઢીમૂછ કાપી નાખ્યા. એનો રુક્મિણીના દુપટ્ટાથી બાંધી દીધો. બલરામે ઠપકો આપ્યો. 'છોડી દે. સંબંધી છે.' શ્રીકૃષ્ણે એને મુક્ત કર્યો.

દ્વારિકામાં બીજે દિવસે રુક્મિણી-શ્રીકૃષ્ણનાં લગ્ન થયા. એ દિવસ હતો. જેઠ સુદ અગિયારસ.

# હોકી મેચનો સામાન્ય રીતે રમવાનો સમય કેટલો હોય છે?

**ખજાનો**
**અનિલ પટેલ**



## ખેત જગત

૧ અમેરિકાની રાષ્ટ્રીય રમત કઈ છે?
(અ) હૉકી (બ) લોન ટેનિસ
(ક) ફૂટબોલ (ડ) બેઝબોલ

૨ 'થર્ડ આઈ' શબ્દ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) ગોલ્ફ (બ) લોન ટેનિસ
(ક) ક્રિકેટ (ડ) બેઝબોલ

૩ આગાખાન કપ કઈ રમત સથે સંકળાયેલ છે?
(અ) ગોલ્ફ (બ) હોકી
(ક) વોલીબોલ (ડ) ફૂટબોલ

૪ કયા વર્ષમાં બર્લિન હૉકી મેચમાં ધ્યાનચંદ હોકી ટીમના કપ્તાન હતા?
(અ) ૧૯૩૬ (બ) ૧૯૦૬
(ક) ૧૯૪૫ (ડ) ૧૯૧૬

૫ ૧૯૫૧નો પ્રથમ એશિયાડ રમતોત્સવ કયાં યોજાયો હતો?
(અ) બેંગકોક (બ) દિલ્હી
(ક) ટોકિયો (ડ) બેઈઝિંગ

૬ 'કેનન' શબ્દ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) બિલિયર્ડ (બ) ગોલ્ફ
(ક) ફૂટબોલ (ડ) ક્રિકેટ

૭ હોકી મેચનો સામાન્ય રીતે રમવાનો સમય કેટલો હોય છે?
(અ) ૬૦ મિનિટ (બ) ૭૦ મિનિટ
(ક) ૮૦ મિનિટ (ડ) ૯૦ મિનિટ

૮ નીચેનામાંથી કયો પારિતોષિક શબ્દ ફુટબોલ સાથે સંકળાયેલ નથી ?
(અ) કોર્નક કીક (બ) પેનલ્ટી
(ક) નાઈટ (ડ) ફ્રી કીક

૯ એલ.બી. ડબલ્યુનો પૂરો અર્થ શું થાય ?
(અ) લેગ બ્રેન વિકેટ (બ) લાસ્ટ બોલ વિકેટ
(ક) લેગ બિહાઈન્ડ ક્રિકેટ (ડ) લેગ બિફોર વિકેટ

૧૦ સુબ્રતો કપ કઈ રમત માટે અપાય છે ?
(અ) હૉકી (બ) વોલીબોલ
(ક) કબડ્ડી (ડ) ફુટબોલ

૧૧ નહેરુ કપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?
(અ) હોકી (બ) ફૂટબોલ
(ક) બાસ્કેટ બોલ (ડ) ક્રિકેટ

૧૨ 'ટૂક' શબ્દ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) હોકી (બ) પોલો
(ક) ચેસ (ડ) બિલિયર્ડ

૧૩ કયા ભારતીય ખેલાડી એ ડેવિસ કપ ટેનિસનો પણ ખેલાડી હતો જેને ઈંગ્લીશ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ મેળવી હતી?
(અ) સી. રામાસ્વામી (બ) લાલા અમરનાથ
(ક) વિજય હજારે (ડ) પંકજ રોય

૧૪ ૧૩ વર્ષની ઉંમરે ૧૯૭૦ની કોમનવેલ્થ ગેમ્સમાં લાઈટ ફલાયવેટ વર્ગની કુસ્તિમાં કોણે ગ્રિનિસ ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું ?
(અ) સુરેન્દ્રપાલ (બ) સત્પાલસિંઘ
(ક) વેદપ્રકાશ (ડ) અમરસેન

૧૫ એશિયન ગેમ્સમાં સુવર્ણચંદ્રક વિજેતા કયા ખેલાડીએ મહાભારતમાં કામ કર્યુ હતું.
(અ) દારાસિંગ (બ) પ્રવીણકુમાર
(ક) સુખદેવસિંગ (ડ) સતિષકુમાર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૮ જૂન :
  - ભારતીય ગણિતશાસ્ત્રી શકુંતલાદેવી એ ૧૩ આંકડાનો ગુણાકાર ૨૫ સેકન્ડમાં કરી વિશ્વ રેકોર્ડ કર્યો (૧૯૮૦)
  - ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનું નિધન (૧૮૫૮)
  - અમેરિકન પ્રેસીડેન્ટ જેમ્સ મેડીસને ગ્રેટ બ્રિટન સામે યુદ્ધ જાહેર કર્યું (૧૮૧૨)
  - અમેરિકન મહિલા અવકાશયાત્રી સેલી રાઈટે સ્પેશ વોક કરનાર પ્રથમ મહિલા અવકાશયાત્રી બની (૧૯૮૩)
- ૧૯ જુન :
  - ગુજરાતી રંગભૂમિના જાણીતા અભિનેતા - દિગ્દર્શક અને લેખક પી. ખરસાણીનો જન્મદિવસ (૧૯૨૬)
  - મ્યાનમારની મહિલા રાજનેતા ઓંગ સાન સુકીનો જન્મદિવસ (૧૯૪૫)
  - મહારાષ્ટ્રમાં વર્ચસ્વ ધરાવતા શિવસેના પક્ષની રચના થઈ (૧૯૬૬)
  - કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીનો જન્મદિવસ (૧૯૭૦)
- ૨૦ જુન :
  - કિર્લોસ્કર ઔદ્યોગિક ગ્રુપના સ્થાપક લક્ષ્મણરાવ કિર્લોસ્કરનો જન્મદિવસ (૧૮૬૯)
  - મશહુર અમેરિકન મ્યુઝિનિયન હોલ્વીન વોલ્ફનો જન્મદિવસ (૧૯૧૦)
  - બ્રિટીશ બાયોકેમીસ્ટ ફેડરીક ગોવલેન્ડનો જન્મદિવસ(૧૮૬૧)
  - વિલિયમ-૪ના અવસાન બાદ વિકટોરીયા યુકેના મહારાણી બન્યા (૧૮૩૭)
- ૨૧ જૂન : વર્લ્ડ મ્યુઝિક ડે / યોગા દિવસ
  - આરએસએસના સ્થાપક ડૉકટર હેડગેવારનું નિધન (૧૯૪૦)
  - પાકિસ્તાનના પૂર્વ પ્રેસિડેન્ટ બેનર્જીર ભુટ્ટોનો જન્મદિવસ (૧૯૫૩)
  - પ્રિન્સ વિલિયમ્સ ઓફ વેલ્સનો જન્મદિવસ (૧૯૮૨)
  - રોમન કેથોલીક ચર્ચના પોપ તરીકે પૌલા-૬ નિમાયા (૧૯૬૩)
- ૨૨ જૂન :
  - અંગ્રેજ ખલાસી હેન્રી હડસને આર્ટીક સમુદ્રમાં યુરોપ અને એશિયા વચ્ચેનો ટૂંકો સમુદ્રી માર્ગ શોધી કાઢ્યો. (૧૬૧૧)
  - અમેરિકન અભિનેત્રી મેરીલ સ્ટ્રીપનો જનમદિવસ (૧૯૪૯)
  - પ્લુટોનો ઉપગ્રહ ચેરોન શોધાયો (૧૯૭૮)
  - એનિમેટેડ ફિલ્મ લેડી એન્ડ ધ ટ્રેમ્પ ફિલ્મ અમેરિકાના થિયેટરમાં રીલીજ થઈ ઘેરો બન્યો?
- ૨૩ જૂન : વિશ્વ ઓલિમ્પિક દિવસ
  - મરાઠા શાસક પેશવા બાલાજી બાજીરાવાનું નિધન (૧૭૬૧)
  - શેખ હસીના વાજેદે બાંગ્લાદેશના વડાપ્રધાન બન્યા (૧૯૯૬)
  - સ્કોટલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે 'બેટલ ઓફ બેનોક્યુબર્ન' શરૂ થયું (૧૩૧૪)
  - અમેરિકન વૈજ્ઞાનિક ક્રિસ્ટોફર લેથમાન શોલ્સ એ ટાઈપ રાઈટરની શોધના પેટન્ટ લીધા (૧૮૬૮)
- ૨૪ જૂન :
  - ડાક અને તાર વિભાગે નેશનલ ટેલેક્સ સર્વિસની શરુઆત કરી (૧૯૬૩)
  - ભારતમાં નિર્મિત પ્રથમ સુપરસોનિક વિમાન એચ.એફ.૨૪ એ પ્રથમ ઉડાન ભરી (૧૯૬૧)
  - બ્રિટને પરમાણું પરીક્ષણ કર્યુ (૧૯૭૪)
  - મુનિશ્રી પુણ્યવિજયજીની પુણ્યતિથિ (૧૯૭૧)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

ઉતરપ્રદેશના કોંગ્રેસના કયા પૂર્વ કેન્દ્રિય મંત્રીએ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા?

જવાબ : જિતીન પ્રસાદ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭ (૩) રૂજિત રાવલ : સે-૭ડી (૪) ધવલ ડી પટેલ : સે-૭ (૫) હાર્દિ ભટ્ટ : સે-૧૪ (૬) રુચિત એ પટેલ : રાંદેસણ

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં પશ્ચિમ બંગાળના બીજેપીના કયા નેતા તૃણમૂલ કોંગ્રેસમાં પાછા ફર્યા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'પડીકી' થી 'પેટી' સુધીના વિકાસની વાત

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



એક કાળે 'પડીકી'નો મહિમા હતો. વૈદ્યરાજ તેમના દર્દીને તપાસી, એની બીમારી પ્રમાણે જરૂરી, મધ સાથે ચાટવાની કે પાણી સાથે લેવાની ચૂર્ણની ફાકી, કાગળના નાના, ચોરસ ટુકડામાં 'પૅક' કરીને આપતા તે કહેવાતી 'પડીકી...' તો દશકાઓ પૂર્વે, જ્યારે ડૉકટરો દ્વારા બહારની દવાઓ લખી આપવાના બદલે, પોતાને ત્યાંથી જ લાલ-પીળી ગોળીઓ આપવાનું ચલણ હતું ત્યારે દવાખાનાં ને ડૉકટરો પણ પેશન્ટ્સને તેની સવાર-બપોર-સાંજના 'ડૉઝ' પ્રમાણેની પડીકીઓ કરીને આપતા. એ જોતાં એક સમયે માંદગી દૂર કરવા ને સ્વાસ્થ્ય સુધારવા માટે જરૂરી 'પડીકી'ઓનું ભારે મહત્ત્વ હતું.

એ પછીનાં વર્ષોમાં જે 'પડીકીઓ' આવી એ તો પેલી 'બુધાલાલ' ને 'અમથાલાલ' વગેરે તમાકુની પડીકીઓ! પહેલાની પડીકીઓ જીવનરક્ષક હતી, આ નવી પડીકીઓ જીવનભક્ષક યાને કે આરોગ્ય બગાડવા માટેની હતી. વૈદ્યરાજો, તબીબોની પડીકીઓ લોકો ના ધૂટકે (બીમાર પડે ત્યારે જ), પરાણે લેતા. પડીકી માંહેની ફાકી મોં કટાણું કરીને ફાકી જતા... જયારે નવી - તમાકુની પડીકીઓ,

'સ્વાસ્થ્ય માટે હાનિકારક' ની વોર્નિંગ છતાં એના બંધાણીઓ રોજ મોર્નિંગ ટુ ઈવનિંગ - ડે એન્ડ નાઈટ, હોંશે હોંશે પૈસા ખર્ચીને ખરીદે છે ને મોજથી મોંમાં પધરાવે છે... ભાઈ, પડીકી પડીકી વચ્ચેના અને અંદરના પદાર્થના ભેદની વાત છે ને!

'પડીકી' ની વાત ઉપરથી એક રમૂજ યાદ આવી ગઈ તે કરી જ દઉં. એક ભાઈ વૈદ્યરાજ પાસે ગયા... વૈદ્યરાજે હવે કેમ છે? પહેલા કરતાં ફેર લાગે છે? આપેલી પડીકીઓ નિયમિત લીધી હતી ને?'

પેલા ભાઈ બોલ્યા : 'હા, વૈદ્યરાજજી, તમે આપેલી ફાકીઓથી ફેર પડ્યો છે પણ એક વિનંતી છે... તમે ફાકી જે કાગળમાં પડીકી વીંટીને આપો છો એ જરા પાતળો વાપરો તો સારું, કેમ કે તમે પડીકી પાણી સાથે ગળી જવાની સૂચના આપો છો પણ એનો કાગળ જાડો હોવાથી, ગળી જવામાં તકલીફ પડે છે!!'

આ તો પેલા જેવું જ થયું. ડૉકટરે દીકરાને દવાની બાટલી આપીને કહ્યું કે, આમાંથી તમારાં માજીને હલાવીને દવા પીવડાવજો... દીકરાએ દવા પીવડાવતાં પહેલાં માડીને જ એવા હલાવી દીધાં કે એ ઢળી પડ્યાં!! આને વૈદ્યરાજ-ડૉકટરની અસ્પષ્ટ સૂચનાની ભૂલ કહેવી કે સૂચનાનો અમલ કરનારની સમજશક્તિની?

મૂળ વાત કરતા હતા પડીકી, પડીકું ને પડીકાંની.

પડીકીની જેમ પડીકાં પણ જાણીતાં છે. કરિયાણાની દુકાનેથી કે ભજિયા-ગાંઠિયાની લારીએથી, વસ્તુને છાપા-મેગેઝીનના કાગળમાં લપેટી, ઉપર દોરો વીંટીને પકડાવી દેવાતું તે પડીકું - પડીકાં - પછી એમાં સુધારો આવ્યો. કાગળની કોથળી પેપર બેગમાં 'પૅક' કરીને વસ્તુઓ ગ્રાહકને અપાવા લાગી...

પરંતુ પડીકાનો તદ્દન લેટેસ્ટ જોરદાર અવતાર એટલે લીસ્સા પેપરની, કલરફુલ, પ્રિન્ટેડ, હવા ચુસ્ત કોથળીઓમાં બંધ ખાદ્યચીજોનાં પડીકાં... હા... હા, એ જ સીંગભુજિયાં, મસાલા સીંગ, ખટ્ટા-મીઠ્ઠા અને ફરાળી ચેવડો, સોલ્ટેડ - ગાર્લિક વેફર્સ, સેવ-મમરા, ગાંઠિયા - સેવ, સોસાસ્ટીક, કુરકુરે વગેરેનાં આકર્ષક પડીકાં... ચાની લારીઓ, મિલ્ક-આઈસ્ક્રીમ પાર્લર્સ,ગ્રોસરી શોપ્સની શોભા વધારતાં તોરણમાં બનીને લટકતાં પડીકાં, મોલ્સના રેકસમાં સોહાતાં, વિવિધ ભાતનાં, એટ્રેક્ટિવ આ પડીકાં 'ફાસ્ટ ફૂડ'ની ગરજ સારે ઓછે.

આ પડીકાંની મજા એ છે કે એમાંથી હવા ઝાઝી અને ખાદ્ય સામગ્રી ઝૂઝ મળે. બહારથી દેખાવ જાડાંભમ... અંદરથી પોલંપોલ.... તોય આજના એવવર્ટાઈઝિંગ અને માર્કેટિંગના પ્રતાપે આ પડીકાઓ નાનાં-મોટાં સૌમાં બોલબાલા છે.




'પડીકી' ને 'પડીકાં'ની સાથે બજારમાં અવારનવાર 'પડીકું' ય ફરતું હોય છે... 'પડીકું' એટલે ગપગોળા - અફવા કે ખોટી-ખોટી વાત એ તો હવે બધાંને ખબર છે.... 'બોસ, એક પડીકં આવ્યું છે...' કહીને મૂકાતી વાત વાતાવરણમાં ગરમી અને ચર્ચામાં ચકચાર લાવી દે છે...

એમ તો 'ડાયમન્ડ માર્કેટ'માં પણ 'પડીકું' જાણીતું છે. અલબત્ત, એ 'પડીકું' એટલે હીરાના કાચા માલનું પડીકું... એ દષ્ટિએ બીજા કરતાં તેનું મૂલ્ય અને મહત્ત્વ વધારે હોય જ એ સ્વાભાવિક છે.

પડીકી, પડીકું, પડીકાંની માફક વ્યવહારમાં આવ્યા છે તે 'પેટી' ને 'ખોખાં'. ના, પેકિંગ માટેની લાકડાની પેટીઓ કે પૂંઠાંનાં ખોખાં નહીં, મારા સાહેબ... આ તો લાખો ને કરોડો રુપિયાની બે નંબરી લેવડ-દેવડમાં - એક કે બે પેટી ? કેટલાં ખોખાં ? - એમ 'કોડવર્ડ' તરીકે વપરાતા શબ્દોની વાત છે.... (જો કે હવે આ 'કોડવર્ડ' ગુપ્ત રહ્યા નથી એ જુદી વાત છે.)

બધા ક્ષેત્રે થઈ રહેલા વિકાસની વાત થતી હોય તો પછી 'પડીકી'થી 'પેટી' સુધીના આ વિકાસને ય યાદ કર્યો એમાં કંઈ ખોટું તો નથી ને?